Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૧૯ ● સળંગ અંક : ૧૧૦૭ ● પ્રકાશિત તા-૧૮-૩-૨૦૨૬,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪
તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ઓછો કરવામાં ભારત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છેઃ ફિનિશ રાષ્ટ્રપતિ


નવી દિલ્હી, ૧૭ માર્ચ ૨૦૨૬: ફિનલેન્ડના રાષ્ટ્રપતિ, એલેક્ઝાન્ડર સ્ટબ્બે સૂચવ્યું છે કે ભારત અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવને ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. પશ્ચિમ એશિયામાં વધતા સંઘર્ષને ધ્યાનમાં રાખીને તેમણે તાત્કાલિક યુદ્ધવિરામની હાકલ કરી છે. એક ટીવી ઈન્ટરવ્યુમાં, સ્ટબે કહ્યું કે સંઘર્ષના ઉકેલ માટે વાતચીત અને રાજદ્વારી પ્રયાસોને પ્રાથમિકતા આપવી જોઈએ. તેમણે તાત્કાલિક યુદ્ધવિરામની હાકલ કરી છે. એક ટીવી ઈન્ટરવ્યુમાં, સ્ટબે કહ્યું કે સંઘર્ષના ઉકેલ માટે વાતચીત અને રાજદ્વારી પ્રયાસોને પ્રાથમિકતા આપવી જોઈએ. તેમણે કહ્યું કે ભારત આમ કરવા માટે સારી સ્થિતિમાં છે.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેક્શન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે,
સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

નવા વાડજમાં ભવ્ય શુભારંભ
ચશ્મા કે ગોગલ્સનો આધુનિક શો-રૂમ
Janam OPTICS
Chashme ka adda ®
શુભારંભ નિમિત્તે ખાસ ઓફર
Rs 1199/- માં બે ફ્રેમ બ્લુ કટ ગ્લાસ સાથે...
20 થી 50 % બ્રાન્ડેડ ચશ્મા સાથે ડિસ્કાઉન્ટ


શોપ-૧, આદિત્ય આઈકોન, ત્રીશા હોસ્પીટલની ગલીમાં, મિર્ચી મેદાન, નવા વાડજ, અમદાવાદ-૧૩.
શિવ મહેતા M : 91046 96975

આભાર


પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં વધુ વિદ્યાર્થીઓને લાભ મળે તે માટે આવક મર્યાદા
૨.૫૦ લાખ
થી વધારીને
૬ લાખ
કરવાના નિર્ણય બદલ
સરકારનો આભાર
શુભેચ્છકો
પિનાકિન સોલંકી
પ્રમુખ : સ્ટેડિયમ વોર્ડ
અનુસૂચિત જાતિ મોરચો, અમદાવાદ શહેર

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## ગેસ એજન્સીઓ અને તંત્રના નાકનીચે

# શહેરમાં ચારેબાજુ ગેસ સિલિન્ડરની કાળાબજારી...!!

### ૯૫૦ના બાટલાનો ભાવ ૩૫૦૦ રુપિયા, ગેસ એજન્સીઓ પર પરોઢિયાથી લાઈનો, તંત્રના પાપે કુત્રિમ રીતે ઘેરુ બનતું સંકટ

અમદાવાદ : હાલમાં ગેસ સંકટ એટલું ઘેરું બન્યું છે કે સામાન્ય લોકોના રસોડાથી લઈને રોજગાર સુધીની તમામ વ્યવસ્થાઓ ખોરવાઈ ગઈ છે. જેના કારણે સામાન્ય જનતા અને ખાસ કરીને શ્રમિક પરિવારો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવીને વધુ રૂપિયા કમાવવાની લાલચમાં ગેરકાયદે ગેસ રિફિલિંગ કરતા તત્વોએ માઝા મુકી છે.ગેસ એજન્સીઓ પર સવારથી જ લાંબી કતારો જોવા મળે છે, જયારે ઓનલાઈન બુકિંગ સાઈટ્સ ઠપ થઈ ગઈ છે. અનેક ગ્રાહકોના અનેક ગ્રાહકોના કનેક્શન પર ફર્જી બુકિંગ થઈ રહ્યા હોવાના પણ આઘાતજનક કિસ્સા સામે આવ્યા છે. તેમજ LPG ગેસ સિલિન્ડરની કાળાબજારી પણ વધી છે. ૯૫૦ રૂપિયામાં મળ તો ગેસ સિલિન્ડર ૩૫૦૦ રૂપિયામાં અને ૨ હજાર રૂપિયામાં મળતો કોમર્શિયલ સિલિન્ડર બ્લેકમાં ૫ હજાર રૂપિયામાં વેચાઈ રહ્યો છે અથવા તો મળતો જ નથી.

અમદાવાદ શહેરમાં સમગ્ર રાજયમાં LPG ગેસ સિલિન્ડર મેળવવા માટે લોકો વહેલી સવારથી જ ગેસ એજન્સીઓ અને ગોડાઉન બહાર લાંબી કતારોમાં ઊભા જોવા મળી રહ્યા છે. કેટલીક જગ્યાએ પુરવઠો મર્યાદિત હોવાને કારણે ગ્રાહકોમાં ચિંતા અને ગભરાટનો માહોલ સર્જાયો છે, અનેક ગ્રાહકોના અનેક ગ્રાહકોના કનેક્શન પર ફર્જી બુકિંગ થઈ રહ્યા હોવાના પણ આઘાતજનક કિસ્સા સામે આવ્યા છે. તેમજ LPG ગેસ સિલિન્ડરની કાળાબજારી પણ વધી છે. ૯૫૦ રૂપિયામાં મળ તો ગેસ સિલિન્ડર ૩૫૦૦ રૂપિયામાં અને ૨ હજાર રૂપિયામાં મળતો કોમર્શિયલ સિલિન્ડર બ્લેકમાં ૫ હજાર રૂપિયામાં વેચાઈ રહ્યો છે અથવા તો મળતો જ નથી.જયારે અધિકારીઓ લોકોમાં ગભરાટ ન ફેલાવવા અને નિયમિત પુરવઠો જાળવવા માટે પગલાં લેવાઈ રહ્યા હોવાનું જણાવે છે.

અમદાવાદ સહિત અનેક શહેરોમાં ગેસ સિલિન્ડર મેળવવા માટે લોકો કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે.

### પોલીસે ડિલિવરી બોયને ૭ ગેસ બોટલ સાથે રંગે હાથે ઝડપ્યો

## થલતેજમાં ગેસ રિફિલિંગનું કૌભાંડ ઝડપાયું

અમદાવાદ : મિડલ ઈસ્ટમાં યુદ્ધ ચાલી રહ્યું છે. જેને લીધે પેટ્રોલ અને ગેસનો જથ્થો દેશમાં ઓછો હોવાથી તેની અછત જેવી સ્થિતિ સર્જાઈ છે. સર્જાયેલી ગેસની અછત વચ્ચે શહેરના થલતેજમાં ઘરેલું ગેસના બોટલમાંથી ગેસ કાઢીને ખાલી બોટલમાં ભરીને વેચનાર ગેસ એજન્સીનો ડિલિવરી કરનાર કર્મચારી ઝડપાયો છે. આ કર્મચારી ૫ અલગ અલગ બોટલમાંથી થોડો થોડો ગેસ કાઢીને ખાલી બોટલમાં ભરી વધુ કિંમતે વેચતો હતો. બોડકદેવ પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, બોડકદેવ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યાર બાતમી મળતા થલતેજ ગામમાં ભરવાડ વાસ પોલીસ પહોંચી હતી. અહીં જાહેરમાં એક વ્યક્તિ ગેસની ભરેલી બોટલમાંથી ખાલી બોટલ ભરતો હતો. જેથી પોલીસે વ્યક્તિની પૂછપરછ કરી ત્યારે તેનું નામ હીરા પરમાર હોવાનું જાણવા મળ્યું હતું. હીરા પરમાર પાસેથી ૭ ગેસના બોટલ, રિક્ષા, ગેસ ભરવાની પાઈપ સહિતનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

પોલીસને તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, આરોપી હીરા પરમાર આંબાવાડીની સંતોષ ગેસ એજન્સીમાં ડિલિવરી મેન તરીકે કામ કરે છે. તે કસ્ટમરને આપવાના ૫ અલગ-અલગ ભરેલા સિલિન્ડરમાંથી થોડો-થોડો ગેસ ચોરી કરતો અને તેને ખાલી બોટલમાં ભરીને ઊંચા ભાવે વેચી દેતો હતો. આ રીતે તે ગ્રાહકોને ઓછો ગેસ આપીને વધારાના પૈસા કમાવાની લાલચમાં કાળાબજારી કરતો હતો.

ઉલ્લેખનીય છે કે, પોલીસે ઘટનાસ્થળેથી ૭ ગેસ સિલિન્ડર, ગેસ ટ્રાન્સફર કરવાની પાઈપ, વજન કાંટો, રિક્ષા અને ડિલિવરીની રસીદો સહિતનો તમામ મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલ બોડકદેવ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે અને આ કૌભાંડમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

## રાણીપમાં સગીરે ૩ પાનાની સ્યુસાઈડ નોટ લખીને કર્યો આપઘાત, કારણ જાણીને ચોંકી જશો

અમદાવાદ : શહેરના રાણીપ વિસ્તારમાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો હતો. સગીરે ૩ પેજની સ્યુસાઈડ નોટ લખીને આપઘાત કર્યો હતો. અંગ્રેજીમાં લખેલી સ્યુસાઈડ નોટમાં તેણે પિતા, દાદા-દાદી અને ફોઈના ત્રાસથી આ પગલું ભર્યું હોવાનું લખ્યું છે.રાણીપ પોલીસે સમગ્ર મામલે ચારેય સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, રાણીપ વિસ્તારમાં રહેતા ૧૭ વર્ષીય સગીરે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. પોલીસે તપાસ કરતાં બેડ નીચેથી ત્રણ પેજની સ્યુસાઈડ નોટ મળી હતી. જેના આધારે પોલીસે મૃતક સગીરના પિતા સહિત દાદા-દાદી, ફોઈ સામે ગુનો નોંધ્યો હતો.

**સુસાઈડ નોટમાં તેણે લખ્યું હતું કે, મારા પિતા, દાદા, દાદી અને ફોઈના સતત માનસિક ત્રાસથી કંટાળી ગયો છું, આ કારણે આકરો પગલું ભર્યું છે.**

મહિલાના લગ્ન ૨૦૦૮માં થયા હતા. તેને ૧૭ વર્ષનો દીકરો અને ૫ વર્ષની દીકરી છે. લગ્ન બાદ પતિ વારંવાર દારૂ પી આવીને તેમની તથા પુત્ર સાથે મારઝૂડ કરતા હતા. આ બાબતે જ્યારે દીકરો તેના દાદા-દાદી અને ફોઈને જાણ કરતો, ત્યારે તેઓએ પણ મદદ કરવાની જગ્યાએ તમે બંને મરી જાવ તો સારું જેવા શબ્દોથી વધુ માનસિક ત્રાસ આપ્યો હતો. એક વખત તો પિતા સ્કૂલ બહાર ચપ્પુ લઈને દીકરાને મારવા ગયા હતા, જેના કારણે તે સતત ડર અને ટેન્શનમાં રહેતો હતો.

૯ માર્ચે મહિલા તેમની દીકરી સાથે નરોડા ખાતે બહેનના ઘરે ગયા હતા, જ્યારે પુત્ર ઘરે એકલો રહ્યો હતો. ૧૧મી માર્ચે તેણે માતાને ફોન કરીને જણાવ્યું કે તે રાત્રે અભ્યાસ કરીને થાક્યો હોવાથી સુઈ રહ્યો છે. બપોરે ફોન ન ઉઠાવતા પાડોશીઓને જાણ કરવામાં આવી હતી. પાડોશીઓએ બારી ખોલીને જોતા પુત્ર ગળાફાંસો ખાધેલી હાલતમાં મળ્યો હતો.

પોલીસ તપાસ દરમિયાન બેડ નીચેથી મળી આવેલી સુસાઈડ નોટમાં તેણે લખ્યું હતું કે, મારા પિતા, દાદા, દાદી અને ફોઈના સતત માનસિક ત્રાસથી કંટાળી ગયો છું, આ કારણે આકરો પગલું ભર્યું છે. પરિવારજનોના માનસિક ત્રાસથી કંટાળીને કિશોરે આવું પગલું ભરતા મુદ્દો ચર્ચાનો કેન્દ્ર બન્યો હતો.

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.



ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

ઉત્તરાયણ નિમિત્તે ઉંધીંયુ અને જલેબી મળશે



વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫



અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

NIRMAN REALTY
Looking to Redevelop Your Building?
Trust the Experts at Nirman Realty!
Transparent deal
Expert team
10+ years experience in redevelopment
Associated with well-known & experienced developers
Good knowledge about legality & land revenue
Other service :
Land
Jv Project
Property
nirmanrealty
Nirman Realty
https://nirmanrealty.in
MEMBERS OF
ARA NAR Registered in : RERA
For any query & inquiry
+91 9601772777

GHB બેદરકારી

MIRCHI NEWS EXCLUSIVE

### હોદેદારો અને રહીશોએ સાવધાન રહેવા ચેતવણી

# નારણપુરામાં અનેક સોસાયટીઓના રીડેવલપમેન્ટ અટક્યા..!!

## નારણપુરા અને સોલા વિસ્તારના શ્રધ્ધાદીપ એપાર્ટમેન્ટ, ચિત્રકુટ એપાર્ટમેન્ટ અને નિધિ એપાર્ટમેન્ટના રીડેવલપમેન્ટના પ્રોજેક્ટ અટક્યા, હોદેદારો અને રહીશોમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકારીઓ અને તેઓની કાર્યપધ્ધતિ સામે સવાલો

અમદાવાદ : શહેરના નારણપુરા અને સોલા સહિતના પૂર્વના અનેક વિસ્તારોમાં ગુજરાત હાઉસિંગ બોર્ડની અનેક સોસાયટીઓમાં હાલ રીડેવલપમેન્ટની પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે. જોકે, છેલ્લા કેટલાક સમયથી અનેક સોસાયટીઓમાં GHB બેદરકારી સામે આવી છે, હોદેદારો અને રહીશોના આક્ષેપ પ્રમાણે યોગ્ય ચકાસણીના અભાવે અનેક સોસાયટીઓમાં જમીન સંપાદન અને કપાતના ગંભીર વિવાદો સામે આવતા રીડેવલપમેન્ટની કામગીરી ખોરંભે પડી છે.જેના કારણે હોદેદારો અને રહીશોમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકારીઓ અને તેઓની કાર્યપધ્ધતિ સામે સવાલો ઉભા કર્યા છે.

શું છે મુખ્ય વિવાદ?

સોસાયટીના હોદેદારો અને રહીશોનો આક્ષેપ છે કે ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા કોઈ પણ પૂર્વ ખરાઈ કે જમીનની ચકાસણી કર્યા વગર જ ટેન્ડર બહાર પાડવામાં આવી રહ્યા છે. ટેન્ડર બહાર પાડ્યા બાદ જાણવા મળે છે કે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડેવલપમેન્ટ પ્લાન હેઠળ સોસાયટીના કુલ પ્લોટ એરિયામાં આશરે ૨૫ ટકા જેટલી કપાત કે રિઝર્વેશન રાખવામાં આવ્યું હોય છે.આમ ટેન્ડર મુજબ પૂરતી જમીન ઉપલબ્ધ ન હોવાને કારણે મોટા ડેવલોપર્સ આવા પ્રોજેક્ટ્સમાં રસ દાખવતા નથી, જેના કારણે આખરે રીડેવલપમેન્ટ પ્રક્રિયા અટકી જાય છે. હાલમાં નારણપુરા અને સોલા વિસ્તારના શ્રધ્ધાદીપ એપાર્ટમેન્ટ, ચિત્રકુટ એપાર્ટમેન્ટ અને નિધિ એપાર્ટમેન્ટ (૩૨-૩૪) સહિત અનેક સોસાયટીઓમાં જમીન અને રોડ કપાત મામલે રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## રીડેવલપમેન્ટમાં જોડાનાર હાઉસિંગ બોર્ડની સોસાયટીઓ માટે 'માસ્ટર ચેકલિસ્ટ'

અમદાવાદ : ભવિષ્યમાં મુશ્કેલી ન પડે તે માટે જે હાઉસિંગ બોર્ડની સોસાયટીઓ રીડેવલપમેન્ટમાં જોડાવા માંગે છે તેમણે નીચે મુજબની સાવચેતી રાખવી અનિવાર્ય છે:

**જમીન અને નકશાની ચકાસણી:**

સૌથી પહેલા જમીનની ચોક્કસ માપણી કરાવવી જેથી કુલ ક્ષેત્રફળની ખબર પડે. આ સાથે છસ્ઝ માંથી ફાઈનલ થયેલ પ્લોટના નકશાઓ અને ૭/૧૨ ના ઉતારા તેમજ એફ (F) ફોર્મ મેળવી લેવા જેથી કોઈ બોજો કે જવાબદારી છે કે નહીં તેની ખાતરી થાય.

**કાનૂની અને રજીસ્ટ્રેશન સ્ટેટસ:**

સોસાયટીનું રજીસ્ટ્રેશન થયેલું છે કે નહીં તેની તપાસ કરવી. જમીન બિન-ખેતી (N.A.) થયેલ છે કે કેમ અને તેના પર કોઈ કોર્ટ કેસ કે દાવા ચાલુ નથી તેની ખરાઈ કરવી.

**કપાત અને FSI:**

સોસાયટીના રોડની પહોળાઈ મુજબ કેટલી FSI મળશે અને કેટલા માળનું બાંધકામ શક્ય છે તેનો અભ્યાસ કરવો. ખાસ જોવું કે સરકારી નીતિ મુજબ કોઈ જમીન કપાતમાં જતી નથી ને?

**સભ્યોની વિગતો અને સંમતિ:**

સોસાયટીના તમામ સભ્યોના દસ્તાવેજ, વારસાઈ કે પેઢીનામું પૂર્ણ છે કે નહીં તેની યાદી બનાવવી. રીડેવલપમેન્ટ માટે ૭૫% સભાસદોની લેખિત સંમતિ મેળવવી કાયદેસર રીતે જરૂરી છે.

**બેંક લોન અને દબાણ:**

કેટલા સભ્યોની બેંક લોન ચાલુ છે કે મકાન ગીરવે છે તેની વિગત મેળવવી. ઉપરાંત, સોસાયટીની હદમાં કોઈ બાહ્ય દબાણ નથી તેની ખાતરી કરવી.

**નિષ્ણાતોની સલાહ:**

ગુજરાત હાઉસિંગ બોર્ડ જ્યારે ટેન્ડર બહાર પાડે ત્યારે હોદ્દેદારોએ ટેન્ડરની કોપી માંગી લેવી જોઈએ અને નિષ્ણાતો પાસે તેનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવવો જોઈએ જેથી ભવિષ્યમાં રહીશોના હક છીનવાય નહીં.

## ઘાટલોડીયામાં સતાધાર ફલાય ઓવરબ્રિજ આ તારીખે શરૂ થઈ શકે, ૯૫% કામગીરી પૂર્ણ, ૫૦ હજાર વાહનચાલકોને ફાયદો થશે

અમદાવાદ : શહેરના પશ્ચિમ વિસ્તારમાં ઘાટલોડીયાના સતાધાર ચાર રસ્તા પર બની રહેલા ફલાયઓવર બ્રિજની કામગીરી લગભગ ૯૫ ટકા પૂર્ણ થઈ ચૂકી છે. આગામી ૧ એપ્રિલથી બ્રિજને વાહનચાલકો માટે ખુલ્લો મુકવામાં આવી શકે છે. બ્રિજને મ્યુનિસિપલ કોર્પોરેશનના પદાધિકારીઓ નહીં મુખ્યમંત્રીના અથવા મંત્રી દ્વારા ઉદઘાટન કરવામાં આવી શકે છે. બ્રિજ શરૂ થતા રોજના ૫૦,૦૦૦થી વધુ વાહનચાલકોને ફાયદો થશે.



પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઘાટલોડીયા વિસ્તારમાં સતાધાર ચાર રસ્તા પર કુલ ૧૦૩.૬૩ કરોડ રૂપિયાના ખર્ચે ૯૭૫ મીટર લાંબો અને ૧૬.૫ મીટર પહોળો ૪ લેન બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે, જેની કામગીરી ૯૫ ટકા સુધી પૂર્ણ થઈ ચૂકી છે અને ૩૧ માર્ચ સુધીમાં આ બ્રિજ બનીને તૈયાર થઈ શકે તેમ છે.

આ ફલાયઓવર શરૂ થતાં ઘાટલોડિયા, સોલા, થલતેજ અને ચાણક્યપુરી જેવા વિસ્તારો વચ્ચેની કનેક્ટિવિટી સરળ બનશે. હાલમાં આ વિસ્તારોમાં ડાયવર્ઝન અને ટ્રાફિકજામને કારણે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. બ્રિજ શરૂ થયા બાદ પ્રતિદિન અંદાજે ૧.૫ લાખ વાહનચાલકોને સીધી રાહત મળશે અને મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઘટશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બ્રિજની સાથે પેવમેન્ટ, મિડિયન, સ્ટ્રીટલાઈટ અને અન્ય આધારભૂત સુવિધાઓનું કામ પણ હાથ ધરાયું છે. બાકી રહેલાં કામમાં ફિનિશિંગ અને સલામતી સંબંધિત કામગીરી પણ કરવામાં આવી છે. એક અઠવાડિયાથી દસ દિવસમાં કામગીરી પૂર્ણ થઈ જતા ટૂંક સમયમાં જ બ્રિજ જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવશે.

Digital India Power To Empower
CSC e-Governance Services India Limited
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
આયુષ્માન કાર્ડ
બેન્કીંગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફલેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

## જાણો કેટલા કરોડનો થશે ખર્ચ

# શહેરમાં ૧ ૩૩ ટ્રાફિક જંકશનની નવી ડિઝાઈન સાથે થશે કાયાકલ્પ..!!

અમદાવાદ : શહેરમાં ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. કોમનવેલ્થ પહેલા શહેરના રોડ રસ્તા ટ્રાફિક મુકત બન તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ૨૦.૦૮ કરોડની યોજનાને મંજૂરી આપી છે. જે અંતર્ગત ૧૩૩ જંકશનની કાયાકલ્પ કરવામાં આવશે.આ યોજનાનો મુખ્ય હેતુ પદયાત્રીઓ માટે રસ્તાઓ સુરક્ષિત બનાવવા અને વાહનચાલકો માટે ટ્રાફિકની સમસ્યા ઘટાડવાનો છે. પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ટ્રાફિક જંકશનની કાયાકલ્પની મંજૂરી આપવામાં આવી છે જેમાં પ્રથમ તબક્કામાં ૨૯ જંક્શનોની ડિઝાઈન ફાઈનલ કરી દેવામાં આવી છે, જ્યારે બાકીના ૧૦૪ જંક્શનો માટે પણ આયોજન તૈયાર છે. આ યાદીમાં આર.ટી.ઓ. નેહરુનગર, જલારામ કચ્છી ભવન અને વિજય ચાર રસ્તા જેવા મહત્વના જંક્શનો સામેલ છે. આ ઉપરાંત જજિસ બંગલો ચાર રસ્તા, પકવાન ચાર રસ્તા, ઈસ્કોન ચાર રસ્તા અને પેલેડિયમ મોલ જંક્શનના વિકાસ માટે પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત શહેરમાં ૧૦૦થી વધુ જંક્શનો પર ટ્રાફિકમાં ભારે વધારો થયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને સ્વીકાર્યું કે યોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવે પદયાત્રીઓ માટે રસ્તો ઓળંગવો જોખમી બન્યો છે. રૂ. ૨૦ કરોડના આ બજેટનો ઉપયોગ મુખ્ય જંક્શનોનો ટ્રાફિક સર્વે અને વિકાસ, પદયાત્રીઓ માટે ખાસ ક્રોસિંગની વ્યવસ્થા, સાઈન બોર્ડ, રોડ માર્કિંગ, લેન લાઈન, સ્ટોપ લાઈન અને ઝેબ્રા ક્રોસિંગ બનાવવા માટે થશે.

આ મંજૂર કરાયેલું બજેટ પ્રારંભિક અંદાજ રૂ૧૩.૫૯ કરોડ કરતા ૪૭.૭ ટકા વધારે છે, જેને માર્ચમાં મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં પસાર કરવામાં આવ્યું હતું. AMC ના પ્રસ્તાવ મુજબ, જંક્શન પરની વણવપરાયેલી જગ્યાઓને ટ્રાફિક આઈલેન્ડમાં ફેરવવામાં આવશે અને વાહનોની અવરજવર સુધારવા માટે લેન સ્પષ્ટ કરવામાં આવશે. રસ્તાની પહોળાઈ મુજબ ફ્રી લેફ્ટ ટર્નની વ્યવસ્થા કરાશે.

સૂત્રોએ જણાવ્યું કે, મીઠાખળી, નેહરુનગર અને આર.ટી.ઓ. જેવા મોટા જંક્શનો ટ્રાફિક જામની સમસ્યા વધારે છે. પીક અવર્સ દરમિયાન આ જંક્શનો વાહનોની અવરજવરમાં અવરોધ ઉભો કરે છે. આથી, ટ્રાફિકના પ્રશ્નો ઉકેલવા માટે આ જંક્શનોની રિડિઝાઈન કરવાનું આયોજન છે.

# અમદાવાદના ડોક્ટરો ક્રિકેટના મેદાનમાં, AMA પ્રીમિયર લીગ ૨૦૨૬ સફળતાપૂર્વક પૂર્ણ

અમદાવાદઃ અમદાવાદ મેડિકલ એસોસિએશન (AMA ) દ્વારા આયોજિત છસ્છ પ્રીમિયર લીગ ૨૦૨૬ ઉત્સાહ, રમતિયાળ ભાવના અને ડોક્ટરો વચ્ચેના સ્નેહસભર વાતાવરણ વચ્ચે સફળતાપૂર્વક પૂર્ણ થઈ. આ ટુર્નામેન્ટે ફરી એકવાર સાબિત કર્યું કે ડોક્ટરો માત્ર સ્ટેથોસ્કોપ અને સારવાર સુધી મર્યાદિત નથી, પરંતુ તેઓ “સ્ટેથોસ્કોપની બહાર પણ” વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે જોડાય છે.

પ્રાપ્ત વિગતો મુજબ, અમદાવાદ મેડિકલ એસોસિએશન (AMA ) દ્વારા આયોજિત છસ્છ પ્રીમિયર લીગ ૨૦૨૬ ટુર્નામેન્ટમાં પુરુષોની ક્રિકેટ સ્પર્ધામાં કુલ ૩૨ ટીમોએ ભાગ લીધો, જે AMA માટે અત્યાર સુધીની સૌથી મોટી સ્પર્ધાઓમાંની એક રહી. આ વર્ષે પ્રથમ વખત મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટનું પણ આયોજન કરવામાં આવ્યું, જેમાં ૩ ટીમોએ ભાગ લીધો, જે મહિલા ડોક્ટરોને રમતગમતમાં પ્રોત્સાહન આપવાના દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.ડોક્ટરોની વ્યસ્ત જીવનશૈલીમાંથી સમય કાઢી, ખેલદિલી અને ફિટનેસને પ્રોત્સાહન આપવાના હેતુથી યોજાયેલી આ ટુર્નામેન્ટમાં પુરુષોની શ્રેણીમાં ‘અપુર્વા એવેન્જર્સ’ અને પ્રથમ વખત યોજાયેલી મહિલા શ્રેણીમાં ‘સુપર શક્તિ સ્ટ્રાઈકર્સ’ ચેમ્પિયન બન્યા છે.

આ વર્ષની AMA પ્રીમિયર લીગમાં અનેક નવા માઈલસ્ટોન નોંધાયા. પ્રથમ વખત મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ, પુરુષોમાં ૩૨ ટીમોની રેકોર્ડ ભાગીદારી જોવા મળી, અને ટુર્નામેન્ટ ચાર રાઉન્ડમાં યોજાઈ, જેમાંથી એક રાઉન્ડ પ્રથમ વખત પૂર્વ અમદાવાદમાં યોજાયો.ટુર્નામેન્ટની ફાઈનલ અને એવોર્ડ સેરેમની દરમિયાન ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના અનેક વરીષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહ્યા, જેમણે ખેલાડીઓને અભિનંદન આપ્યા અને આયોજનની પ્રશંસા કરી.


અમદાવાદ મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડૉ. જિગ્નેશ શાહએ જણાવ્યું હતું કે AMA પ્રીમિયર લીગ ડોક્ટરો વચ્ચે એકતા, સ્વસ્થ જીવનશૈલી અને ટીમ સ્પિરિટને મજબૂત બનાવે છે અને છસ્છ ના “સ્ટેથોસ્કોપની બહાર”ના થીમને સાચી રીતે પ્રતિબિંબિત કરે છે.ડૉ. મૌલિક શેઠએ જણાવ્યું હતું કે, “AMA પ્રીમિયર લીગમાં જોવા મળેલો ઉત્સાહ અને ભાગીદારી દર્શાવે છે કે ડોક્ટરો ટીમવર્ક, ફિટનેસ અને મિત્રતાને ખૂબ મહત્વ આપે છે. આવી પ્રવૃત્તિઓ મેડિકલ ફ્રેટર્નિટી વચ્ચે સારા સંબંધો મજબૂત બનાવે છે અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપે છે.”

આ આયોજને સાબિત કરી દીધું છે કે અમદાવાદના ડોક્ટરો સારવારની સાથે સાથે ખેલ જગતમાં પણ સમાન પ્રભુત્વ ધરાવે છે. ટુર્નામેન્ટનું સમાપન ટ્રોફી વિતરણ સમારોહ સાથે થયું, જેમાં વિજેતા ટીમોને સન્માનિત કરવામાં આવી અને તમામ ખેલાડીઓના ઉત્સાહને બિરદાવવામાં આવ્યો હતો.









Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.